સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

હાઈકુ

શું ખવાય, ન ખવાયનું જ્ઞાન ધર્મમાં અપાય છે,
જેની જેટલી સમજ, એટલી બુદ્ધિ મપાય છે,
થોપાય છે કોઈ પર તો ચંપાય છે ચિનગારી -
કપાય છે ગાય, બીફ સાથે લાગણી બફાય છે
(પવિત્ર ગાય માતા ચઢયાં પોસ્ટરે)

એ છે 'શરીફ'
'શૈતાન' સેના પર -
યુદ્ધનું ભૂત!
(ધૂણાવે ચીની ભૂવા)

ડગમગાવે,
વિશ્વ આર્થિક પાયા -
દાઉદભાઈ!
(રિમોટ કંટ્રોલે)

ચિંતન

યદ્ દૂરં યદ્ દુરારાધ્યં યચ્ચ દૂરે વ્યય સ્થિતમ્ ।
તત્સર્વં તપસા સાધ્યં તપો હિ દુરતિ ક્રમમ્ ॥

જે વસ્તુ દૂર અને અસાધ્ય રીતે મુશ્કેલ છે તેને પ્રાપ્ત કરવા મહેનત-પરિશ્રમ-તપ કરવું પડે છે, જેનું અસ્તિત્વ છે પણ તેને પ્રાપ્ત કરવા, પામવાનું અતિ કઠિન છે, તે પણ ખૂબ મહેનતથી પ્રાપ્ત તો થઈ જ જાય છે. ટૂંકમાં અસાધ્ય દુરાધ્ય વસ્તુ પ્રાપ્ત કરવા માટે તપ-પુરુષાર્થ-પ્રયત્ન તો કરવા જ પડે છે.

જગતમાં તપ વિના કશું જ પ્રાપ્ત થતું નથી અને જે વિના પ્રયત્ને-પુરુષાર્થ વિના પ્રાપ્ત થાય છે એની કોઈ કિંમત પણ નથી હોતી. તપ દ્વારા માત્ર સામાન્ય જ નહીં અસામાન્ય સિદ્ધિઓ પણ પ્રાપ્ત થાય છે જેની પાસે તપનું બળ છે તે વિશિષ્ટ પ્રકારની સિદ્ધિઓ પ્રાપ્ત કરી શકે છે.

પ્રાચીનકાળમાં વનમાં રહેતા ઋષિ-મુનિઓ તપ દ્વારા અનેક પ્રકારની સિદ્ધિઓ પ્રાપ્ત કરતા પણ આ બધી સિદ્ધિઓનો ઉપયોગ તેમના અંતિમ ધ્યેય-દિવ્યજ્ઞાનની પ્રાપ્તિ માટે જ કરતાં આજે મેલી વિદ્યા અને સામાન્ય તપની સિદ્ધિ મેળવનારા નકારાત્મક કાર્યોમાં તેમની સિદ્ધિનો ઉપયોગ કરે છે.

સુવિચાર

- રાજા હોય કે ખેડૂત, જેને પોતાના ઘરમાં શાંતિ પ્રાપ્ત થાય છે, તે દુનિયાનો સૌથી સુખી માણસ છે - **ચંદ્રકાન્ત બક્ષી**
- જે બાબતો પર મારો કંટ્રોલ છે તેનાથી અપસેટ થવાનું કોઈ કારણ નથી, અને જે બાબતો મારા કંટ્રોલમાં જ નથી એનાથી અપસેટ થવાની જરુર શી છે? - **બેન્જામીન ફ્રેંકલીન**
- ઈશ્વર નિરાકાર છે, તેનો સાક્ષાત્કાર બાળકોમાં થાય છે - **ડોંગરેજી**
- જિંદગીમાં કોઈનો સાથ જીવનભર માટે હોય છે, તો કોઈનું જીવન જ કોઈની જિંદગી માટે હોય છે - **સુરેશ દલાલ**
- જગત હંમેશા સફળ લોકોના વિચારોને જ માને છે, જો તમે સફળ નહીં હોય તો કોઈ તમારી વાત નહીં માને - **ધર્મસૂત્ર**
- મંત્ર અને મિત્ર ઉપર કદી અવિશ્વાસ ન કરવો, મંત્રમાં અવિશ્વાસથી શક્તિ ખૂટશે, અને મિત્રમાં અવિશ્વાસથી સ્નેહ ખૂટશે - **એસ. ભટ્ટાચાર્ય**

(સંકલન : દીપક વી. આસરા)

બોધકથા

આપણને આપણા જીવન પ્રત્યે જોવાની દૃષ્ટિ હકારાત્મક રીતે કેળવવી જોઈએ. હું નકામો છું. કોઈને ઉપયોગી નથી. એમ વિચારનાર સતત દુઃખી-હતાશ રહે છે પરંતુ નાનાં-મોટાં કામ શોધી - લોકોને કેમ મદદરુપ થવું એવું વિચારનાર સતત આનંદ અને ઉત્સાહમાં જ રહે છે.

એક શિલ્પી, એક મોટી શિલા લાવ્યો. એક બાજુથી તરાસતાં એક બાજુ થોડું નુકશાન થઈ ગયું. બીજી બાજુથી એક શિવલિંગનો ઘાટ તૈયાર થયો.

'શિવલિંગ'ને પંડિત-વિદ્વાનો આવી ખરીદી ગયા અને નદીકાંઠે મંદિરમાં એની સ્થાપના થઈ. બીજો ચોરસ થોડો બરછટ પથ્થર ધોબી ઘાટે નદીકાંઠે ગયો. અને ધોબીઓ તેના પર કપડાં પછાડી ધોવા લાગ્યાં..

એક રાત્રે ધોબીઘાટનો પથ્થર રડતો બેઠો હતો. ત્યાં એનો જ સહોદર ભાઈ 'શિવલિંગ' આવ્યો. રડવાનું કારણ પૂછ્યું, પથ્થર ધોબી પછાડની વાત કરી.

શિવલિંગ કહે, તારું કામ મારાથી વધારે મહત્ત્વનું છે. 'તું જેના મેલ ધોઈ, પવિત્ર કરી મારી પાસે મોકલે પછી જ એને હું શાંતિ આપું છું.' હવે ધોબીઘાટના પથ્થરને પોતાનું મહત્ત્વ સમજાયું અને આનંદથી જીવવા લાગ્યો.

ચીનની મંદીને ભારત તકમાં પરિવર્તિત કરવા ઉત્સુક

તંત્રીસ્થાનેથી....

દેશના ઉદ્યોગપતિઓ અને અર્થકારણી સાથે સંકળાયેલા મહાનુભાવોની ખૂબ જ મહત્ત્વની બેઠકમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ચીનની મંદીને ભારતની તકમાં પરિવર્તિત કરવા અપીલ કરી હતી. દેશના ટોચના ઉદ્યોગપતિઓને સંબોધનમાં પ્રધાનમંત્રીની આ અપીલ આવતીકાલની અર્થનીતિનો અણસાર છે. વૈશ્વિક મંદીની ચિંતાઓ દેશ અને દુનિયાને સતાવે છે ત્યારે ભારતની સ્થિતિ શું છે...? શું થઈ શકે તેમ છે...? વિવિધ પાસાઓની ચર્ચાઓ માટે યોજાયેલી બેઠકમાં અર્થતંત્રના પડકારોને પહોંચી વળવા ઉદ્યોગપતિઓ સરકારને સહયોગ આપે તેવી અપીલ સરકાર પક્ષેથી કરાઈ હતી. જયારે ઉદ્યોગપતિઓએ વ્યાજદરમાં ઘટાડો કરવાની તીવ્ર રજૂઆત કરી હતી.

ભારતીય અર્થતંત્રમાં રોકાણો વધારવા વ્યાજ ઘટાડવું પડે એમ જ છે. વ્યાજના દર ઘટાડીને રોકાણોને આકર્ષવા જોઈએ એ વર્તમાન અર્થતંત્રની પાયાની પૂર્વશરત છે. આગામી સાત મહિનામાં પોણાથી એક ટકા સુધી વ્યાજનો દર ઘટાડી શકાય એમ છે. તો જ રોકાણો વધશે... અને રોકાણો વધશે તો નોકરીની તક વધશે. જે મંદીના પડકારોને નાથવા માટે અનિવાર્ય છે. એક જ વાક્યમાં જો કહેવું હોય તો મંદીના પડકારને પહોંચવા માટે રાજકોષીય ઉદારીકરણના સ્ટ્રોંગ ડોઝની જરૂરીયાત છે.

પ્રધાનમંત્રી, નાણાંકીય સલાહકારો અને ઉદ્યોગપતિઓ સાથે મળી દેશના અર્થતંત્રની ચિંતા કરે છે. તે વ્યાજબી છે અને આવકારદાયક પણ છે. ભારત જેવા વિશાળ દેશમાં મેન પાવરની વિપુલ ઉપલબ્ધિ છે. ત્યારે જરુર છે નોકરીની તકો ઉત્પન્ન કરવાની, અને નોકરીની તક નિર્માણ કરવા માટે ઉદ્યોગપતિઓએ જોખમ વહોરીને પણ રોકાણો કરવા પડશે. દેશના અર્થતંત્રને ગતિશીલ રાખવા માટે સહકારે પ્રોત્સાહક પગલા તાકીદે લેવા જોઈએ. રોકાણના આકર્ષણ માટે જેટલા ઝડપથી વ્યાજના દર ઘટાડાશે. સરકારની બિનજરુરી હેરાનગતિ હટાવવી પડશે અને આંતર માળખાકીય સુવિધાઓ અને નક્કર પગલા લેવા પડશે...! કેન્દ્ર સરકાર અને રીઝર્વ બેંક ગંભીર બની અર્થનીતિમાં બદલાવ લાવવાની પહેલ કરશે તો મંદીના પડકારને તકમાં પરિવર્તિત કરવા ભારત સક્ષમ છે, સમર્થ છે.

દરેક સમસ્યાને ઉકેલે, પ્રેમ નામની ચાવી

ગુલમોર
દિનેશ દેસાઈ

ભગવાન શ્રીકૃષ્ણને મૈત્રી, પ્રેમ, ભક્તિ, કરુણા, દયા, સખાનું પ્રતીક માનવામાં આવે છે. ભગવાન શ્રીકૃષ્ણ માટે પ્રેમલક્ષણા ભક્તિનું માહાત્મ્ય છે. કોઈ પણ વ્યક્તિ પ્રેમથી વશ થાય છે. પ્રેમ દરેક તાળાની કૂંચી છે. બધી સમસ્યાઓ પ્રેમ નામની ચાવી ઉકેલી આપે છે. ભક્તિમાં પ્રેમ ભળે એની વાત ભગવાન શ્રીકૃષ્ણે ''શ્રીમદ ભગવદ ગીતા''ના છેલ્લા અઢારમા અધ્યાયના ૫૪મા શ્લોકમાં કહ્યું છે કે

''બ્રહ્મભૂતઃ પ્રસન્નાત્મા ન શોચતિ ન કાઙ્શતિ,
સમ સર્વેષુ ભૂતેષુ મદભક્તિ લભતે પરમ્.''

અર્થાત ''બ્રહ્મની સાથે એકાકાર થયેલો મનુષ્ય ન કોઈ વસ્તુ માટે શોક કરે છે અને ન કોઈની ઈચ્છા કરે છે. બધા જ મનુષ્યો પ્રત્યે સમભાવ રાખવો ભક્તિની પરાકાષ્ઠા છે. ભક્તિ પોતાનું પરિણામ આપવાની સ્થિતિમાં છે, જ્યાં બ્રહ્મમાં પ્રવેશ મળે છે.''

પ્રેમલક્ષણા ભક્તિ અને પ્રેમના પરિપ્રેક્ષ્યમાં ભગવાનનો સંકેત બ્રહ્મરુપ અથવા એક-એકાકાર થવાનો છે, બ્રહ્મરુપ થયેલ વ્યક્તિ દરેક વ્યક્તિ તરફ સમભાવ, સમાન ભાવ રાખે છે, આ જ તો પ્રેમ-ભક્તિની પરાકાષ્ઠા છે. પ્રેમ આપણને ઘણું બધું શીખવે છે. પ્રેમ આપણને સમભાવ, સમસ્તિભાવ અને ભક્તિ પણ શીખવે છે, તો પ્રેમ આપણને એક-એકાકાર થવાની તક પણ આપે છે.

સાચા પ્રેમમાં જુદાગરી હોતી નથી. દૂર રહીને પણ પાસપાસેનો ભાવ જળવાઈ રહે એનું નામ જ તો પ્રેમ. જળકમળવત્ દશા, જળમાં કમળની જેમ નિર્લેપ ભાવ રહે એ પણ પ્રેમનું નિરાળું સ્વરુપ છે. એકાત્મભાવ એ પણ પ્રેમનું સર્વોચ્ચ સ્વરુપ છે. નરસિંહ મહેતાના પદમાં જેમ કહ્યું છે એ પ્રમાણે સમદૃષ્ટિનો ભાવ પણ પ્રેમ થકી જ કેળવાતો રહે છે.

પ્રેમ એ દરેક સમસ્યાને ઉકેલનારી જાદુઈ ચાવી છે. પ્રેમમાં કાળજી અને સંભાળ છે. પ્રેમમાં નફરતને કોઈ સ્થાન ન હોઈ શકે. પ્રેમ કદી કોઈને નીચો દેખાડવાનો યત્ન કરતો નથી. પ્રેમ એટલે પોતાના દુશ્મનને પણ ચાહવો, દુશ્મનનું પણ ભલું ચાહવું, એનું ભલું થાય એ માટે મનમાં પ્રાર્થના થતી રહે એ જ પ્રેમની સર્વોચ્ચ દશા. પ્રેમ કદી કોઈનું બુરું ચાહી શકે નહીં. પ્રેમ કદી કોઈનું ખરાબ થાય તેવું વિચારી પણ શકે નહીં.

ગૂર્જરગિરાના કવિ નરસિંહરાવ ભોળાનાથ દીવેટિયાએ ગાયું છે ને કે ''પ્રેમળ જ્યોતિ તારો દાખવી મુજ જીવનપંથ ઉજાળ...'' પ્રેમની જ્યોત હંમેશા પાવક-પવિત્ર હોય, દાહક યા દઝાડનારી નહીં. પ્રેમને આગ નહીં, જ્યોતિ કહી છે. આગ એટલે દઝાડવાનું કામ કરે, પરંતુ જ્યોત-જ્યોતિ-દીપક હોય તે અંધકાર દૂર કરીને પ્રકાશ પાથરવાનું કામ કરે. જે વ્યક્તિએ પ્રેમની અનુભૂતિ કરી હોય તેના જીવનમાં પ્રેમની જ્યોતિ કાયમ જીવનમાં ફેલાયેલો અંધકાર દૂર કરીને તેનું જીવન વધુ ઉન્નત બનાવે અને તેનો જીવનપંથ ઉજાળવાનું કાર્ય કરે.

પ્રેમ હંમેશા હકારાત્મક ઊર્જા પ્રગટ કરે અને એ હકારાત્મક ઊર્જાનું જ વહન કરે. પ્રેમમાં નકારાત્મકતા કદીય હોઈ શકે જ નહીં. અન્યના ભલામાં પોતાનું ભલું સમજે એનું નામ પ્રેમ. પ્રેમમાં ઈર્ષા, અસૂયા, છળ, કપટ, વેર જેવા અનિષ્ટ તત્વોને સ્થાન ન હોઈ શકે. તમે જેને ચાહો છો એના તરફ તમને જો વેરભાવ પણ છે તો એ પ્રેમ તો નથી જ.

પ્રેમ જળકમળવત હોય એમ જળની જેમ પારદર્શક પણ હોય. પ્રેમમાં કશું જ હાઈડ ન હોઈ શકે. આપણા પ્રિયજનથી કશું પણ છુપાવવું પડે તો એમાં પ્રેમ નથી. પ્રેમમાં પરસ્પર વિશ્વાસ અને આત્મસન્માન પણ છે. જો એકમેકમાં વિશ્વાસ હોય તો બે વ્યક્તિ વચ્ચે કશું છુપાવવા જેવું બચતું જ નથી. પ્રેમ એ માત્ર પ્રેમ જ હોઈ શકે. પ્રેમ ખરો અને ખોટો યા સાચો અને જૂઠો ન હોઈ શકે. પ્રેમ એટલે ફક્ત પ્રેમ. આ પ્રેમ નામનું તત્વ જ હૃદયને નિર્મળ અને પવિત્ર બનાવે છે. પ્રેમ જીવનને હંમેશા ઉન્નત બનાવે છે.

સાચા પ્રેમમાં જુદાગરી હોતી નથી, દૂર રહીને પણ પાસપાસેનો ભાવ જળવાઈ રહે એનું નામ જ તો પ્રેમ, એકાત્મભાવ એ પણ પ્રેમનું સર્વોચ્ચ સ્વરુપ છે, નરસિંહ મહેતાના પદમાં જેમ કહ્યું છે એ પ્રમાણે સમદૃષ્ટિનો ભાવ પણ પ્રેમ થકી જ કેળવાતો રહે છે

સ્ટોપર :

"હર તરફ એતરાઝ હોતા હૈ,
મેં અગર રોશની મેં આતા હૂં,
મેં તુમે ભૂલને કી કોશિશ મેં,
આજ કિતને કરીબ પાતા હૂં."

- દુષ્યંત કુમાર

...જીગરને પોતાના હાથે પાપ નહીં થાય પરંતુ દોષિતોને ભગવાને જ ન્યાય કર્યાનો 'સંતોષ' થાય છે

સુરત શહેરમાં ત્રણ મિત્રો - રમણલાલ, ચમનલાલ તથા જાનકીદાસ હીરાને ચમક આપવાના ત્રણે જણા કારખાના ધરાવે છે. સુરતમાં કારખાના ખરાં પરંતુ વેપાર તો ભાવનગરથી જ કરતાં કારણ કે ત્રણ જતાં મૂળ ભાવનગરમાં. આજે ત્રણ જણા ભેગા થયા છે અને તેમના એક મિત્રને કરોડ રૂપિયાની ઉપાચત કરીને તેમને નુકશાન કર્યું છે, તે અંગે આગળ શું કાર્યવાહી કરવી તે માટે જાનકીદાસે તેમના વાઘાવાડી પાસે ભાવનગરમાં આવેલ બંગલામાં બેઠક યોજી છે તેથી ત્રણે જણા અલગ અલગ રીતે ભાવનગર પહોંચે છે.

ભાવગર પહોંચ્યા પછી નક્કી થયા મુજબ જાનકીદાસના બંગલામાં બેઠક યોજાઈ છે. તેમાં જાનકીદાસ જણાવે છે કે, આપણને જે કરોડો રૂપિયાનું નુકશાન આપણા મિત્ર નંદલાલે કર્યું છે તે પૈસા પાછા આવવાની શક્યતા ઓછી છે કારણ કે તે બે દિવસ પહેલાં જ અમેરિકા ભાગી ગયો છે, મેં કહ્યું તેમ પૈસા પાછા આવવાના નથી, પરંતુ નંદલાલ આપણી જેવા બીજાઓને નુકશાન પહોંચાડે નહીં તેથી તેને સબક શીખવવા માટે કંઈ કરવું જોઈએ. અમદાવાદમાં રહેતા મારા એક મિત્રના મિત્ર જીગર કે જે આવું જ કામ કરે છે તેને બોલાવ્યો છે તે આપણી બેઠકમાં હાજર છે. આ કામ માટે તેને અમેરિકા આવવા - જવા ખર્ચ તેમજ આપણું કામ પતાવવા માટે રૂપિયા દસ લાખ મહેનતાણાના આપવા પડશે. જો આપ સર્વને યોગ્ય લાગે તો આ કામ આપણે જીગરને સોંપીએ. ત્રણે મિત્રો આ બાબતમાં સહમત થતાં, કામ જીનગરને સોંપવાનું નક્કી થાય છે.

વાર્તા રે વાર્તા
નિરંજન ઓઝા

જીગર કામ સોંપ્યાના બદલામાં જણાવે છે કે આવા કામો હું નાની ઉંમરથી હાથ ઉપર લઉં છું. ત્રણેક મહિના પહેલાં અમદાવાદના ભરચક વિસ્તારમાં બપોરે આવા જ એક કેસમાં ધોળા દિવસે એક ઠગને ઉડાડી દીધો હતો. કોઈ હાજર ટોળામાંથી મને પકડવાની કે પોલીસને જાણ કરવાની હિંમત કરી શક્યું ન હતું. આપે સોંપેલ કામ બહુ જ ઓછા સમયમાં હું પુરું કરીશ. મારી પાસે પાસપોર્ટ છે તેમજ ૧૦ વર્ષના વિઝા પણ છે તેથી બે-ત્રણ દિવસમાં જ હું અમેરિકા તરફ પ્રયાણ કરીશ. વધારામાં જણાવું કે, મારો મિત્ર અમેરિકા રહે છે તેને ઘરે તેની પાસેથી માહિતી મને મળે હું કામ શરુ કરીશ.

ત્રણેક દિવસ પછી જીગર અમેરિકા તરફ રવાના થવા વિમાનમાં બેસે છે, તેની બાજુમાં જ એક આશરે ૬૦ વર્ષના બહેન સફેદ સાડીમાં બેઠેલા હોય છે. આંખો બંધ રાખી, હોઠ ફફડાવતાં હોવાથી કોઈ ભગવાનનું સ્મરણ કરતાં હોઈ તેમ જીગરને લાગે છે. આઠ-દસ કલાકની મુસાફરી પછી નાસ્તો આવતાં, જીગર નાસ્તો લે છે. બાજુમાં બેઠેલાં માજી ફક્ત ચ્હા જ લે છે. જીગરે પુછતાં જાણવા મળ્યું કે ગઈકાલે હું મલાડમાં રહુ છું ત્યાં મારે ઘરે મેસેજ આવ્યો કે મારા બે દીકરાં અમેરિકામાં ન્યૂજર્સીમાં રહે છે તેને મોટર અકસ્માત થતાં, બંને દીકરા નંદલાલ તથા હીરાલાલ અકસ્માતમાં મરણ પામ્યા છે. તેમની ડેડ બોડી સાચવી રાખી છે અને હું ત્યાં ગયા પછી યોગ્ય વિધિ કરવામાં આવનાર છે.

આ સાંભળી જીગરને પોતાના હાથે પાપ નહીં થાય પરંતુ દોષિતોને ભગવાને જ ન્યાય કર્યાનો 'સંતોષ' થાય છે.

શિક્ષક એ રાષ્ટ્રની સન્માનનીય વ્યક્તિ એટલા માટે છે કે તે સમાજમાં વિચરતા વિવિધ જૂથોનાં બાળકોને નરમાંથી નારાયણ ને કંકરમાંથી શંકર બનાવે છે

એટલે તો કાળ સામે છું, અડીખમ આજ પણ,
બાજીઓ હારી હશે, હિંમત હજી હારી નથી!
- શૂન્ય પાલનપૂરી

પાંચમી સપ્ટેમ્બર ''શિક્ષક દિન''. અનન્ય પ્રજ્ઞાના ઉત્તુંગ શિખર સમા તત્વજ્ઞ આપણા ભૂતપૂર્વ રાષ્ટ્રપ્રમુખ ડૉ.સર્વપલ્લી રાધાકૃષ્ણનની જન્મજયંતી... ''આચાર્ય દેવો ભવઃ''ની આપણી સંસ્કૃતિ - ને - દર વર્ષે ઉજવાતા શિક્ષકદિનો, દરવર્ષે અપાતા એવોર્ડો અને દિલ્હીમાં કે રાજ્યના પાટનગરોમાં થતું શિક્ષકોનું બહુમાન, શિક્ષકને નવાજતા સુંદર ભાષણો એટલે સોનામાં સુગંધ..!

આપણો ભારતદેશ ''ભારતીય બ્રહ્મેરત'' ભા એટલે જ્ઞાન - જ્ઞાનરત એવા ઋષિમૂનીઓની આ દિવ્ય ભૂમિ છે. જ્યાં પેલો શકુંતલા પુત્ર બાળ ભારત સિંહના દાંત ગણાતો બેઠો છે... આ પ્રાચી નાં તેજ છેક પ્રતીચી સુધી રેલાયા છે. જ્યાં જ્ઞાન અને જ્ઞાનીનું ગૌરવ સદાકાળ થતું રહ્યું છે એવી આ ભૂમિ પરંતુ આજે ખેદ સાથે કહેવું પડે કે આ માત્ર ગૌરવની ગુલબાંગ જેવું જ છે... આજની કેળવણી વિષે વિચાર કરીએ ત્યારે આંખ સામે એક બિહામણું દૃશ્ય ખડકાઈ જાય છે. સૌ કોઈ શિક્ષણ કથળી ગયાની કાગારોળ કરે છે. અરે, શિક્ષણ જ નહી પરંતુ જીવનના તમામ ક્ષેત્રોમાં મૂલ્ય હ્રાસ થયેલો જોવા મળે છે. રોજ અખબારી પાને ચમતી ઘટનાઓ એનું જીવંત પ્રમાણ છે.

આજથી બે સદી પૂર્વે વિશ્વના વિચારકો એવું માનતા કે જગતમાં શિક્ષણ વધશે તો મોટાભાગની સમસ્યાઓ ઉકેલાઈ જશે. દીન- દુઃખી, દુર્બળ કે અશિક્ષિત નહિ રહે. સર્વત્ર ભાઈચારો ને પ્રેમનું સામ્રાજ્ય હશે. પૃથી પર સ્વર્ગ ઉતરી આવશે. પરંતુ આજે એ ધારણાઓ સદંતર ખોટી પૂરવાર થઈ છે. શિક્ષણ વધ્યું એની સાથે સાથે ચોતરફ શિસ્ત વિનાની સંસ્કૃતિ પણ વિસ્તરતી જાય છે. આપણે એવું માનતા, સા વિદ્યા યા વિમુક્તયે'' પણ આ વિદ્યા સુખ, શાંતિ કે સમસ્યામાંથી મૂકતી અપાવતી જ નથી. વિનય વિવેક ને સમજણ ખીલવનારા શિક્ષણે તો માણસને અવિવેકી, અછકલો ને ચાલાક બનાવી દીધો છે! કહેવાતા અભણ પાસે કોઠાસૂઝ હોય છે પણ આજના ભણેલા તો સાવ અભણની જેમ વર્તે એ જોઈ દુઃખ થાય છે. આવી જ વેદના કવિશ્રી સુરેશ દલાલે એક કાવ્યમાં વ્યક્ત કરી છે. ''ભણેલા માણસો આટલા અભણ કેમ?'' આ વેદના સૂર ઘણું બધુ કહી જાય છે.... ટટ્ટાર ઉભા રાખનાર શિક્ષણે જ માણસને સાવ બેવડ વાળી દીધો છે. આજે ચારેબાજુ અસંતોષ, માનસિક તાણ ને રઘવાટ જોવા મળે છે... આ બધાથી સુજ્ઞજન વાકેફ છે... ચિંતિત છે...

દોસ્તો, આ બધી કાગારોળ છોડી જો શાંત ચિત્તે વિચારીએ તો એટલું અવશ્ય સમજાય કે આ મૂલ્ય હ્રાસની સડકે દોડી રહેલા જીવનનું પ્રેરક સત્તા - સંપત્તિની લાલસા છે. બાળક તો નિર્દોષ છે. એ તો જેવું જુએ ને સાંભળે એવું જ કરતુ હોય છે. બાળક શરૂમાં મા - બાપ - કુટુંબ - પરિવાર - સમાજના સંસર્ગમાં અનૌપચારિકપણે ઘણું બધું આત્મસાત કરીને પછી શિક્ષક પાસે આવે છે. એને તો આંખસામે થતો વાસ્તવદર્શી વ્યવહાર ને શાળાની ચાર દીવાલો વચ્ચે થતી આદર્શની વાતો આ બંનેમાં સ્પષ્ટ વિરોધાભાસ બાળકને સતત મૂંજાવે છે. બાળકની હાજરીમાં બેધડક જુઠ્ઠું બોલતાં મા-બાપ એમના મોઢે સતત પૈસા - પૈસાની વાતો આ શબ્દોનું ઝેર ધીરેધીરે બાળકના જીવનમાં પ્રવેશે છે. બાળક જયારે મોટો થાય છે ત્યારે એને એમજ લાગે છે કે દુનિયામાં ''પૈસા'' સર્વસ્વ છે. પૈસો જ એના કેન્દ્રમાં આવી જાય છે ને પોતે પરિઘ પર ધકેલાઈ જાય છે. સમાજ ના સ્થાપિત હિતો અનીતિ આચરીને બીજાને લૂંટી - ચૂસીને અઢળક સંપત્તિના માલિક બને, સમાજ પાછો આવા લોકોને મંચસ્થ બનાવી હાર તોરા કરે ને સન્માને આને પરિણામે સમાજમાં ખોટો સંદેશ જાય છે પરિણામે પૈસા માટે સંઘર્ષ કે શોષણ કરવાનો છોછ કોઈને હોતો નથી. તેથી જ કરચોરી, ભ્રષ્ટાચાર, લાંચરુશ્વત, દગાખોરી ને લાગણી શૂન્યતા છડેચોક વ્યાપી ગઈ છે...

લાગણીનો મેળો
રસિક વાળંદ

આપણું આજનું શિક્ષણ કે જે વ્યક્તિમાં પડેલી સુષુપ્ત શક્તિઓ બહાર આણવાને બદલે બહારનું ઠાંસી ઠાંસીને અંદર ભરવા માથે છે. બાળક માહિતીનું ગોદામ-વખાર જ બની જાય છે. અને પરીક્ષા ટાણે તેનું વમન ઉલટી કરી નાખે તે જ તેનું કૌવત..!! પેલી દેશી બંદૂકની જેમ એક વાર ધડાકો કરી નાંખ્યો એટલે ખાલીખમ... નિરર્થક... જે ભણતર,ગણતર ને ઘડતરમાં જ ન પરિણમે તેને શિક્ષણ કહેવાય ખારું?!

આમ આ બધા જ જવાબદાર લેખાય. ગરીબની વહુ સૌની ભાભી એ ન્યાયે માત્ર ને માત્ર શિક્ષકને જ ગાળો દેવી યથોચિત નથી. એટલા માટે ઝવેરચંદ મેઘાણીએ કહ્યું હતું કે શિક્ષકોને આદર્શના મહેણાં મારશો નહિ. બાળક માત્ર પાંચ કલાક જ શાળામાં રહે છે બાકી નો સમય કુટુંબને સમાજમાં વ્યતીત કરે છે. છતાં જો શિક્ષક ધારે તો આશાસ્પદ વાતાવરણ સજી શકે છે.

શિક્ષક એ રાષ્ટ્રની સન્માનનીય વ્યક્તિ એટલા માટે છે કે તે સમાજમાં વિચરતા વિવિધ જૂથોનાં બાળકોને નરમાંથી નારાયણ ને કંકરમાંથી શંકર બનાવે છે. પોતાને સોંપાયેલા જડ,મૂઢ,સંસ્કારરહિત કે સંસ્કાર તરફ અભાન અને રીતભાતની સુટેવ - કુટેવવાળાં બાળકોને વિષમ શિક્ષણ દ્વારા સમાજનાં અપેક્ષિત મૂલ્યોનું સિંચન કરે છે. અને તેને સમાજોપયોગી બનાવે છે. આમ સમાજોપયોગી બનેલો આ ભાવિ નાગરિક વળી પાછો પોતાનાં મૂઢ,જડ, અને અસંસ્કારી ને અપરિપકવ બાળકને શિક્ષક પાસે મોકલે છે. આમ સતત પેઢી દર પેઢી શિક્ષક વિદ્યાથીને ઘડી સમાજને રંગસભર ને રસસભર બનાવી એક ઉપવનના માળી જેવું કામ કરી સમાજની ને રાષ્ટ્રની રોનક વધારે છે. આટલું જ જો દરેક શિક્ષક સમજે અને પોતાનું કર્મ ફળ સ્વરૂપે સમાજને ધરશે તો સમાજમાં પ્રતિષ્ઠાનું સ્થાપન આપોઆપ થશે જ... શિક્ષક તો શિલ્પી, ઈજનેર, ને માળી ના નામે ઓળખાય છે એના હાથે તો હંમેશ સર્જન જ થતું રહે..સાચો શિક્ષક તો એ છે કે જે સ્વયં પાઠ્યપુસ્તક હોય. શિક્ષકનું જીવન એના વાણી વર્તન એ બધા પર વિદ્યાર્થીના ચણતર અને ઘડતરનો આધાર રહેલો છે.

દોસ્તો, લંડન વિદ્યાપીઠના તત્કાલીન કુલનાયક સર વિલિયમ કોલીન્સે રાધાકૃષ્ણન ને ઉદ્દેશી ને કહ્યું હતું, ''ચાલીસ વર્ષ પૂર્વે હું લંડનમાં ભણતો હતો ત્યારે તમારા જેવા અદ્યાપક હોત તો કેવું સારું!'' મિત્રો, આ લખવૈયાને પણ આવા જીવંત, સમર્થ, નેસત્વશીલ ગુરુજનો મળ્યા છે કે જેઓ હતાશા, નિરાશા,વિશાળ,અશ્રદ્ધા,અજંપા કે અકર્મણ્યતાના સંવેદનોથી પર રહી નિષ્કામ ભાવે કર્મપૂજા કરી છે. આવા સાત્વિક ને અવિરત કર્મઠ ગુરુજનોને શિક્ષકદિને ''કૃતજ્ઞ ભાવે વંદન''!!!

સ્પર્શમણિ :

સુખ અને શાંતિથી જીવવું હોય તો એકલું ભણતર પર્યાપ્ત નથી શિક્ષણની સાથે સમજ અને ઊંડી પરખ પણ હોવી જોઈએ. સમજ અને સાચી પરખ માટે વ્યક્તિનું અંતઃકરણ શુદ્ધ અને જાગરુક હોવું જોઈએ. જાગૃતિ અને સમાજ માટે ધ્યાન સિવાય બીજો કોઈ માર્ગ નથી. શિક્ષણની સાથે સાથે વ્યક્તિને અનુકુળ ધ્યાન વિધિ શીખવવામાં આવે તો ધરતી પર સ્વર્ગના અવતરણનું સ્વપ્ન અધૂરું નહિ રહે... **- ઓશો રજનીશ.**

- Rasikvaland1965@gmail.com

કોરોનરી એન્જીયોપ્લાસ્ટી

પહેલું સુખ તે જાતે નર્યા
ડૉ. કેદાર ઉપાધ્યાય

ગતાંકે આપણે જોયું કે કોલેસ્ટોલ તેમજ તેના જેવા બીજા તત્ત્વો હડે હૃદયની રક્તવાહિનીઓ બ્લોક થાય છે જેના ફળ સ્વરુપે હૃદયને પુરતું રક્ત મળતું નથી અને તેથી હાર્ટ એટેક તેમજ બીજા રોગો થવાની શક્યતા રહે છે. રક્તવાહિનીઓના બ્લોકેજ વિષેનો ખ્યાલ લેવા માટેની પ્રક્રિયા એન્જીયોગ્રાફી વિષે પણ આપણે જાણ્યું.

હવે જો એન્જીયોગ્રાફીમાં ખબર પડે કે હૃદયની અમુકતમુક નળીઓ બ્લોકેજ છે તો શું કરવું? આ બ્લોકેજ ને દૂર કરવાની મુખ્યત્વે બે પ્રોસેસ છે જેમાની એક પ્રોસેસ એટલે એન્જીયોપ્લાસ્ટી. એન્જીયોપ્લાસ્ટી એવી પ્રોસેસ છે કે જેના દ્વારા બ્લોકેજ દ્વારા નાનું પોલાણ થયું હોય તેવી રક્તવાહિનીનું પોલાણ મોટું કરવામાં આવે છે.

આ પ્રોસેસનો ફાયદો એ છે કે આમા શરીરમાં મોટી કાપકૂપ કરવાની રહેતી નથી. પગ કે હાથની રક્તવાહિનીમાં પંચર કરી તેના મારફત કેથેટર દાખળ કરવામાં આવે છે. આ મારફત એક નાનકડા સ્થિતિસ્થાપક 'બલૂન' ને રક્તવાહિનીમાં દાખલ કરવામાં આવે છે. આ બલૂન એક પાતળા વાયર સાથે જોડાયેલ હોય છે. આ બધી જ પ્રક્રિયા એક્સ-રે સ્ક્રીન મારફત ડૉકટર જોઈ શકે છે. જયારે આ બલૂક બ્લોક થયેલ ધમની પાસે પહોંચે ત્યારે ત્યારે તેને થોડું ફૂલાવવામાં આવે છે. જેનાથી ધમનીનું પોલાણ મોટું થાય ત્યારે તે પરિસ્થિતિમાં તે ધમનીમાં સ્ટેન્ટ બેસાડવામાં આવે છે. આ સ્ટેન્ટ (પાતળો વાયર) ધમનીના મોટા પોલાણવાળા સ્ટેટસને 'લોક' કરી દે છે. એટલે કે ધમનીના પોલાણને સાંકડું થવા દેતું નથી અને રક્તપ્રવાહ સરળથાથી વહે છે. ત્યારબાદ બલૂન અને કેથેટરને બહાર કાઢી લેવામાં આવે છે અને એન્જીયોપ્લાસ્ટીની પ્રોસેસ પુરી થાય છે. આ પ્રોસેસ દરમિયાન દર્દીને કોઈ દુખાવો થતો નથી. જયાંથી કેથેટર દાખલ કરવાની હોય છે તે જગ્યાને એનેસ્થેસીયા આપી બહેરી